Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૫મું

VOLUME : 22 • ISSUE : 16 • PAGES : 36 • MUMBAI • DATE : 20TH MARCH 2020 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમાજ, વડોદરાના શ્રી કે.ડી.ઓ. યુવા મંચ, વડોદરા આયોજિત

## માતુશ્રી દમયંતિ રતનશી લોડાયા નેશનલ ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૦

KDO

YUVA MANCH VADODARA

### ટુર્નામેન્ટના મુખ્ય દાતા



માતુશ્રી દમયંતિ રતનશી લોડાયા

## માતુશ્રી
## દમયંતિ રતનશી લોડાયા
## પરિવાર

(ઉજ્જૈન, એમ.પી.)

(કચ્છ - સાંયરા)



શેઠશ્રી તરુણભાઈ રતનશી લોડાયા



દાતા પરિવાર અને વડોદરા સમાજના





ટુર્નામેન્ટની વિજેતા ટીમ



કમિટી મેમ્બરો દ્વારા દીપ પ્રાગટ્ય



# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમાજ, વડોદરાના શ્રી કે.ડી.ઓ. યુવા મંચ, વડોદરા આયોજિત
# માતુશ્રી દમયંતિ રતનશી લોડાયા નેશનલ ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૦


























Vee Kraft, M: 9377124582

॥ શ્રી શાંતિનાથાય નમો નમઃ ॥

**ધનને વાપરનારા ને વેડફનારા ઘણાં હોય પરંતુ ધનને વાવનારા અને લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવનારા તો વીરલા જ હોય, એવા વિરલા શ્રી ચાંપશીભાઈ, શામજીભાઈ અને માણેકજીભાઈ ની હૃદયના અંતરેથી ભૂરી ભૂરી અનુમોદના.**

**આતમને અજવાળતો, પાપોને પખાળતો ચાતુર્માસ, આનંદને આપનારો, મુક્તિએ પહોંચાડતો ચાતુર્માસ**

## સં. ૨૦૭૫ વર્ષના ચાતુર્માસના લાભાર્થી પરિવાર



### અ.સૌ. દમયંતીબેન ચાંપશી માણેકજી લોડાયા (લોખંડવાળા)

સાંઘવ મહાજનના સેવાભાવમાં સમર્પિત ''સાંઘવ શિરોમણી'' **શેઠશ્રી ચાંપશીભાઈ માણેકજી લોડાયા**નું યોગદાન અનન્ય છે. આ સત્કાર્યમાં તેમના જીવન સંગીની **અ. સૌ. દમયંતીબેન**નો તેમને સબળ સાથ મળતો રહેલ છે. કોઈ પણ પદ કે નામની અભિલાષા રાખ્યા વગર તન મન ધનથી સાંઘવ માટે સદૈવ સમર્પિત રહેલ છે. આપના સમર્પણ ભાવની ભૂરી ભૂરી અનુમોદના.



### સંઘમાતા કલ્પનાબેન શામજી દંડ (મુલુંડ)

''સાંઘવ ગૌરવ'' **શેઠશ્રી શામજીભાઈ નરશી દંડ** તન, મન, ધનથી સેવા આપી રહ્યા છે. આપના માર્ગદર્શન અને સલાહ સૂચન સાંઘવ માટે સદૈવ પ્રગતિ પૂર્ણ રહેલ છે. આપનો પ્રેમાળ સાથ સહકાર હમેંશા મળતો રહેશે એવી શાંતિનાથ દાદાના ચરણે મંગલ મનોકામના સહ પ્રાર્થના.

## સં. ૨૦૭૫ પર્યુષણ મહાપર્વ દરમિયાન સંપૂર્ણ સાધર્મિક ભક્તિના લાભાર્થી પરિવાર



### માતુશ્રી રસીલાબેન માણેકજી મેઘજી લોડાયા (મુલુંડ)

સાંઘવમાં થતા દરેક ધાર્મિક કાર્યમાં આ પરિવારનો સુંદર સાથ સહકાર રહેલ છે. આપના ઔદાર્ય ભરેલા સાથ સહકારની અભિલાષા.

**કરીએ અમે ચાંપશીભાઈ, શામજીભાઈ, માણેકજીભાઇનું અનુમોદન...**
**શાસનસેવાનો લાભ લઈ પુણ્યાનુબંધી પુણ્યનું કરીએ ઉપાર્જન...**

## લી. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન – સાંઘવ

# HEARTY CONGRATULATION



## Chi. Nishchay C. Shah

**MS (Comp Science, Boston)**
**(With Artificial Intelligence Machine Learning)**

દેવગુરૂની કૃપા અને વડીલોના આશીર્વાદથી MS (Comp Sci.), કરીને હવે AMAZON, HQ, Seattle, USA માં Future Technology Team ના Youngest Software Developer તરીકે કામ કરે છે.

ભવિષ્યમાં વધુ ઉચ્ચ લક્ષ્ય સિધ્ધ કરે એવી અમારી અભિલાષા.

**-: અભિનંદન અને આશીર્વાદ :-**

દાદાણાં : **હિરાબેન જયચંદ શાહ** (માટુંગા - ૪૦૦ ૦૧૯.)
નાનાણા : **ગોદાવરીબેન દેવીદાસ પટેલ**
માતા-પિતા : **રાજશ્રી ચેતન શાહ (નાગડા)** (થાના - ૪૦૦ ૬૦૨.)
92239 03999 / 98208 01707 / 022-2545 3555

# લગ્નસંબંધી



નામ : **વારીક્ષ રાધેશ્યામ ઠાકર** (ઘાટકોપર)
માતા-પિતા : **અસ્મિતા રાધેશ્યામ ઠાકર** (ઘાટકોપર)
નાનાણા : **રમાબેન શશીકાંત લક્ષ્મીચંદ ધુલ્લા** (નલિયા-ઘાટકોપર)
માસી : **વંદના જયેશ જયંતીલાલ ધરમશી** (સુથરી-ડોંબીવલી)
**પૂર્વી રાહુલ હીરાચંદ લાલકા** (વારાપધર-નવી મુંબઈ)
જન્મ તારીખ : 4-3-1990
Hight : 5'8"
Education : MBA (from IIM Indore)
B.E. (from V.J.T.I)
Working : Samsung India Ltd. (Manager)

-: Contact :-
**99200 99055** - Asmitaben **89281 62601** - Purvi
**98208 40375** - Vandana **96192 06886** - Ramaben

''જાહેરાતનો હેતુ યોગ્ય પસંદગી''

।। શ્રી અનંતનાથાય નમઃ ।। ।। શ્રી મહાવીર સ્વામિને નમઃ ।।

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ
## શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો
## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - રાણપર

**શ્રી રાણપર તીર્થે શ્રી મહાકાળી માતાજી અને શ્રી પદ્માવતિ માતાજીની પ્રતિષ્ઠા અને ૧૨૭મો ધ્વજારોહણની આછેરી ઝલકો...**

















**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
ડૉ. હિરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના
ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હિરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર
**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**: ઑડીટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી

**અંક નં. ૧૬**
**Date : 20-03-2020**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane,
Opp. Shastri Nagar, Pant Nagar,
Ghatkopar (E), Mumbai - 400075.
Tel.: 022-2508 4463 /64 /65
E-mail : kdoprakash@gmail.com

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**
**Mob.: 98211 54326**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

**તંત્રી સ્થાનેથી**

# જ્ઞાતિ સંસ્થાઓની ચુંટણી પ્રક્રિયા

તાજેતરમાં યોજાયેલી શ્રી અનંતનાથજી ટ્રસ્ટ તથા શ્રી મુંબઈ મહાજનની ચુંટણીઓના ચુંટણી કમિશનરનો સંપૂર્ણ અહેવાલ પ્રકાશ સમીક્ષાના આ અંકમાં પ્રકાશિત કર્યો છે. પ્રકાશ સમીક્ષાની વિનંતીથી શ્રી મુંબઈ મહાજન દ્વારા આ અહેવાલ ઉપલબ્ધ થયો છે.

આપણા જ્ઞાતિજનોની માહિતી તથા જાણકારી માટે આ અહેવાલ પ્રકાશ સમીક્ષામાં છપાય એવી મારી ઈચ્છા હતી. આ ચુંટણીમાં કેટલાક ઉમેદવારોને અનેક પ્રશ્નોનો સામનો કરવો પડ્યા હતો તે સૌને મારી વિનંતી છે કે ચુંટણી કમિશનરના અહેવાલને ઝીણવટથી વાંચે. ચુંટણી કમિશનરના અહેવાલની સાથે દરેક ચુંટણી મથકના અધિકારીઓનો અહેવાલ પણ આમાં સામેલ છે.

આ ચુંટણીમાં કેટલાક ઉમેદવારોના ઉમેદવારી પત્રો રદ કરવામાં આવ્યા હતા અને ચુંટણી કમિશનર દ્વારા તે અંગે અલગ અલગ કારણો પણ દર્શાવવામાં આવ્યા હતા. પણ વિભાગીય ચુંટણી અધિકારીઓનું માનવું છે કે જો મહાજન દ્વારા ઉમેદવારી પત્રો ભરવા માટે યોગ્ય આગોતરૂં આયોજન કરવામાં આવ્યું હોત તો ઉમેદવારીપત્રો રદ થવાની બાબત નિવારી શકાઈ હોત. ઈચ્છુક ઉમેદવારોની સભા બોલાવી તેમને ફોર્મ યોગ્ય રીતે ભરવા માર્ગર્શિન આપવું જોઈએ. તે ઉપરાંત ચુંટણી અધિકારીઓ દ્વારા અન્ય જ્ઞાતિઓમાંથી આપણી જ્ઞાતિમાં પરણીને આવેલી મહિલાઓને મતદાન કરવા નહોતું અપાયું. અલબત્ત તે મહિલાઓએ ૨૦૧૦ની ચુંટણીમાં પણ મતદાન કર્યું હતું તથા તેમણે મહાજનના બધા 'લાગા' ભરેલા હતા. નવી કમિટી કાર્યભાર સંભાળે એ પહેલા આ બાબતો અંગે મહાજનના વર્તમાન સેક્રેટરીએ ખુલાસો કરવો જોઈએ. ચુંટણી કમિશનરે પણ આ મુદ્દાઓ અંગે પોતાના અહેવાલમાં ખુલાસો કરવો જોઈએ.

કેટલાક વિભાગીય ચુંટણી અધિકારીઓ દ્વારા અમુક ઉપયોગી સૂચનો પણ આપવામાં આવ્યા છે. જેમાં 'ઓનલાઈન' મતદાનની સુવિધા માટે બધાએ ભલામણ કરી છે. મસ્જિદ બંદર મતદાન મથકના ચુંટણી અધિકારી શ્રી વિક્રમ દેવજી પટેલના સુચનો ખૂબજ મુલ્યવાન છે.

શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી ની આગામી ચુંટણી માટે મોટા પાયે રાજકરણ રમાઈ રહ્યું છે એવી અનેક વાતો સંભળાઈ રહી છે. હાલના 'કોરોના' વાયરસના ઉત્પાતને કારણે ચુંટણીઓ પાછી ઠેલાઈ છે એટલે આપણે આશા રાખીએ કે એ પછી ન્યાયી તથા તંદુરસ્ત ચુંટણી પ્રક્રિયા હાથ ધરાશે.

મને ખાત્રી છે કે સાચા ભારતીય નાગરિક તરીકે શાસનને તથા દેશને કોરોનાથી લડવાની પ્રક્રિયામાં આપણે સહયોગ આપીશું. 'કોરોના' સામેની ઝુંબેશમાં આપના પરિવારના બાળકો તથા વૃધ્ધોની ખાસ સંભાળ લેવા તથા સરકારની સાવચેતીની સૂચનાઓનો અમલ કરવા વિનમ્ર વિનંતિ.

**– ડૉ. હિરાચંદ દંડ, Mob.: 7738508150**

**ગતાંકનો સુધારો :** ગતાંકમાં છપાયેલ અંક નં. ૧૪ પાના નં. ૧૧ પર **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન**ની (અંક નં. ૧૫ પાના નં. ૧૪) જાહેરાતમાં શાંતિનાથ જિનાલયની ધ્વજાના લાભાર્થીમાં માતુશ્રી ગંગાબાઇ ખેતશી મુલજી શિયાલ પરિવાર અને માતુશ્રી સોનબાઇ વિશનજી ખીમજી મૈશેરી (સવાણી) પરિવાર એમ વાંચવું.


**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.



**શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘ - ઘાટકોપર**



**શ્રધ્ધાંજલિ સેવા**



**શરૂઆત : તા. ૦૧-૦૪-૨૦૨૦ થી...**

દુનિયાનું એક કડવું સત્ય છે જે જન્મે છે તેનું મૃત્યુ નિશ્ચિત છે, આપના સ્વજનને ગુમાવ્યાનું દુઃખ અમને પણ છે. આપના સ્વજનને ગુમાવવાના દુઃખમાં આપને શ્રધ્ધાંજલિ રૂપે ખારી માની સેવાનો લાભ આપીએ છે.

શ્રી કે.ડી.ઓ.જી.વી.સી. જૈન સંઘ ઘાટકોપરનું નવા આયોજનમાં આપણા સંઘમાં ઘાટકોપર, વિદ્યાવિહાર અને ચેમ્બુરમાં રહેતા પરિવારજનો માટે તેમના પરિવારમાં કોઈપણ વ્યક્તિનું મૃત્યું થાય તો તેની જાણ કરો જેથી સદ્ગતને શ્રધ્ધાંજલિના સુમન રૂપે ખારી માની સેવા આપી શકીએ અને તેના પરિવારને આવી પડેલ દુઃખમાં સહભાગી થઈ સહાનુમતી પણ આપી શકીએ.

આપ સર્વે પરિવારજનો શ્રી કે.ડી.ઓ.જી.વી.સી. જૈન સંઘને આ કાર્યમાં સાથ-સહકાર આપો. આ સેવા વિના મૂલ્ય આપવામાં આવશે.

**: સંપર્ક સૂત્ર :**
અનિલભાઈ શામજી ખોના-92242 80314
લિનાબેન હિતેન લોડાયા- 86521 55585

**લી. શ્રી કે.ડી.ઓ.જી.વી.સી. જૈન સંઘ વતી**
**પ્રમુખશ્રી : સમીર નાગડા**

UPASANA-9820167767


## હર્ષ નિતાબેન ચંદ્રેશ શિયાલ, મુલુંડ - દલતુંગી




હર્ષભાઇને પર્વતારોહણનો અને જંગલો ખુંદવાનો બહુજ શોખ છે અને તેઓ છેલ્લા કેટલાક વર્ષોથી પર્વતારોહણ કરાવતી સંસ્થાઓ સાથે જોડાયેલ છે. તેમણે ૨૦૧૬માં એવરેસ્ટ બેસ કેમ્પ અને કાલા પથ્થર પર ૧૮૧૯૨ ફૂટની ઉંચાઇ સર કરી સફળ પર્વતારોહણ કર્યું હતું.

તાજેતરમાં એમને ભારત સરકારના પર્યટન મંત્રાલય તરફથી ઈન્ટરમિડિયેટ સ્નો (બરફ) રાઈડીંગનો અભ્યાસ સફળતા પૂર્વક પાર કરવા માટે સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યું. તેઓ હાલમાં સ્વતંત્ર રીતે પર્વતારોહણના કાર્યક્રમો યોજે છે. હર્ષ શિયાલનો સંપર્ક : મો. ૯૯૩૦૩ ૫૬૫૮૦.

યુવા પર્વતારોહીને પ્રકાશ સમીક્ષાના અભિનંદન.

## કચ્છ-આ અબ છોડ ચલે - વાચક જ્ઞાતિજનોના પ્રતિભાવ




પ્રકાશ સમીક્ષાના તા. ૨૦મી ફેબ્રુઆરી ૨૦૨૦ના પ્રકાશ સમીક્ષામાં આવેલ મારા ચર્ચાપત્ર કચ્છ-આ અબ છોડ ચલે માટે આજ સુધી મને ચાર વાંચક જ્ઞાતિજનોના ફોન આવેલ છે, જેની ટૂંકમાં વિગત આપું છું. પ્રકાશ સમીક્ષા માટે આ વાંચકોના પ્રતિભાવ હોઈ શકે પણ મારા માટે તે પ્રશંસા નહીં પણ પ્રોત્સાહન કે પ્રેરણા છે. આજના જમાનામાં જયારે વખતદાન એ રક્તદાન જેટલું જ મહત્વનું થઇ ગયું છે ત્યારે આ જ્ઞાતિજનો પોતાનો અમૂલ્ય સમય ફાળવીને લેખકને ફોન કરે એ અત્યંત આનંદની વાત છે.

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે ૧૦૦ જણા કોઈ લેખને જુએ તેમાંથી ૯૦ જણા માત્ર ઉપર ઉપરથી જ જુએ. બાકીના ૧૦ માંથી ૮ જણા વાંચે અને બાકીં બે જણા સમજે. કદાચ આ માન્યતાને આપણા જ્ઞાતિજનોએ ખોટી સાબીત કરેલ છે. તેથી આ સ્થાનેથી હું પ્રકાશ સમીક્ષાના તંત્રીમંડળનો આભાર વ્યકત કરૂં છું કે જેમણે મને મારા વિચારો વ્યકત કરવા માટે તક અને પ્લેટફોર્મ આપ્યું અને તેજ રીતે પ્રકાશ સમીક્ષાના માધ્યમ થી આ ચાર જ્ઞાતિજનોનો પણ આભાર માનું છું.

સૌ પ્રથમ ફોન તો મારા ચર્ચાપત્રમાં મારી સ્મૃતિના આધારે લખેલ કે ગાંધીધામ સ્થિત શ્રી પદમશીભાઈએ પોતાની સુથરીની સારી એવી જગ્યા કે જમીન જો કોઈ સજ્જન કે સંસ્થા વૃદ્ધાશ્રમ બનાવવા તૈયાર હોય તો નિઃશુલ્ક આપવાની તૈયારી બતાવેલ અને જ્ઞાતિ પ્રકાશનોમાં આ બાબત જાહેરાત પણ આપેલ તે જ્ઞાતિવત્સલ ભાઈ શ્રી શામજી પદમશી છેડાનો હતો અને તેમણે મારી સાથે લગભગ ૫૦ મિનિટ વાત કરેલ અને હજી પણ તેમનો વૃદ્ધાશ્રમ માટેનો પ્રસ્તાવ ખુલ્લો જ છે. એમના વિચારો ખુબ જ પ્રગતિશીલ, ઉમદા અને અનુભવ સમૃદ્ધ છે. ત્યાર બાદ શ્રી હીરાચંદભાઈ મૈશેરી અને શ્રી પ્રવીણભાઈ નાગડા આ બન્ને જ્ઞાતિજનોએ હુબલીથી ફોન કરેલ અને મારા લેખ તથા જ્ઞાતિ સંબંધી અન્ય ઘણી બાબતો પર લગભગ ૨૦-૨૫ મિનિટ વાત કરેલ. શ્રી પ્રવીણભાઈ નાગડા ની તબિયત નાદુરસ્ત છે અને લગભગ ૮૧ વર્ષની જૈફ વય હોવા છતાં પણ મને ફોન કરીને આટલો લાંબો સમય વાત કરી જે તેમનો જ્ઞાતિપ્રેમ દર્શાવે છે. જલગામ સ્થિત શ્રી મહેશભાઈ મોતાએ પણ મારા લેખ તથા જ્ઞાતિ સંબંધી અન્ય ઘણી બાબતો પર લગભગ ૨૦ મિનિટ વાત કરેલ.

શ્રી હીરાચંદભાઈ મૈશેરી મારા કોઠારા ગામના છે અને વર્ષ ૨૦૧૮માં શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ દ્વારા આયોજિત સ્વામી વાત્સલ્યના પ્રસંગમાં પણ હાજર હતા. આ પ્રસંગમાં હું સમારંભ પ્રમુખ હતો અને પ્રકાશ સમીક્ષાના તંત્રીશ્રી હીરાચંદભાઈ દંડ અતિથિ વિશેષ હતા. શ્રી હીરાચંદભાઈ મૈશેરીએ તે પ્રસંગે મેં આપેલા ટૂંક પ્રવચનને યાદ કરીને તેને પણ બિરદાવ્યું. જ્ઞાતિજનોનો આ હેતુ વગરનો હેત, એ એક સુખદ સંભારણું છે અને જે બદલ હું સૌનો આભાર માનું છું.

**- પ્રવિણચંદ્ર શામજી શાહ (ધરમશી)**, કોઠારા, સુરત,
મો.: 9978903247

## ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સાંધવ



શ્રી શાંતિનાથ દાદાની શિતલ છાયામાં ગુરૂભગંવતોની નિશ્રામાં ૧૫૪ મી ધ્વજા મહોત્સવ ઉલ્લાસભર ઉજવાયો. જેનો અમુલ્ય લાભ નિયાણી બહેનોને પ્રાપ્ત થયેલ.





|| શ્રી વિમલનાથાય નમઃ ||

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમાજ, વડોદરાના શ્રી કે.ડી.ઓ. યુવા મંચ, વડોદરા આયોજિત

# માતુશ્રી દમયંતિ રતનશી લોડાયા નેશનલ ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૦

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમાજ, વડોદરા દ્વારા જ્ઞાતિના યુવાનો માટે નેશનલ લેવલની ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ. આ સમગ્ર ટુર્નામેન્ટની વ્યવસ્થા / આયોજન શ્રી કે.ડી.ઓ. યુવા મંચ, વડોદરા દ્વારા કરવામાં આવેલ. આ પ્રકારનું આયોજન યુવામંચ દ્વારા બીજીવાર કરવામાં આવેલ જેનો ઉદેશ જ્ઞાતિના યુવાનોની વચ્ચે ક્રિકેટના માધ્યમથી ભાઈચારો તેમ જ વ્યવસાયિક સંબંધો બંધાય એ હતો. આ પરિકલ્પનાની રજુઆત જ્યારે કચ્છ સાંયરાના જ્ઞાતિ હિતેચ્છુ, સમાજ શ્રેષ્ઠીવર્ય **શ્રી તરુણભાઈ રતનશી લોડાયા** સમક્ષ મુકવામાં આવી ત્યારે તુરંત તેમણે આ વાતને વધાવી લીધી હતી અને K.D.O.ની આ નેશનલ ટુર્નામેન્ટના મુખ્ય દાતાશ્રી તરીકે માતુશ્રી દમયંતિ રતનશી લોડાયા પરિવાર (ઉજ્જૈન, મ.પ્ર.) આગળ આવતા આ ટુર્નામેન્ટનું નામ **માતુશ્રી દમયંતિ રતનશી લોડાયા નેશનલ ક્રિકેટ ટુર્નામેન્ટ** રાખવામાં આવેલ, જેમાં ભારતભરમાંથી ૧૧ ક્રિકેટ ટીમોએ ભાગ લીધેલ.

વડોદરા નજીક આવેલ દર્શનમ ક્રિકેટ સ્ટેડીયમ, ડભોઈ રોડ ખાતેના નૈસર્ગિક વાતાવરણમાં તા. ૨૨-૨૩ ફેબ્રુ., ૨૦૨૦ના રોજ આ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ.

જ્ઞાતિના ક્રિકેટ પ્રેમી દાતાઓએ આ દરેક ટીમને સ્પોન્સર કરી હતી જેની યાદી આ મુજબ છેઃ

૧. પુણેરી પેશ્વા (માતુશ્રી દમયંતિ રતનશી લોડાયા પરિવાર, સાંયરા, ઉજ્જૈન, મ.પ્ર.)
૨. રોયલ ઈન્દોરીયન્સ (માતુશ્રી દમયંતિ રતનશી લોડાયા પરિવાર, સાંયરા, ઉજ્જૈન,મ.પ્ર .)
૩. મુલુન્ડ યંગસ્ટર્સ ગ્રુપ (કલ્પતરુ રોડલાઈન્સ, શ્રી ધીરેનભાઈ ચંદ્રકાન્તભાઈ લોડાયા, વારાપધર, વાપી)
૪. ACY ઘાટકોપર (કલ્પતરુ એક્સપ્રેસ કાર્ગો, શ્રી ધીરેનભાઈ ચંદ્રકાન્તભાઈ લોડાયા, વારાપધર, વાપી)
૫. યુવા મંચ (ટીકીટાર ઈન્ડસ્ટ્રીઝ, વડોદરા -માતુશ્રી રતનબેન કાંતીલાલ મોતા પરિવાર)
૬. હૈદ્રાબાદ સ્મેશર્સ (સ્યોર સેફ્ટી, વડોદરા-માતુશ્રી પ્રતિભાબેન આણંદીલાલ દંડ પરિવાર-હ. નિશીથ દંડ)
૭. અમદાવાદી પલટન (સ્ટોલવર્ટ બિઝનેશ સર્વિસીઝ-માતુશ્રી લક્ષ્મીબેન જયંતિલાલ હંસરાજ ખોના પરિવાર, મોટી ખાવડી, જામનગર- હ. અંકુર તિલકચંદ ખોના)
૮. કાંજુર નાઈટ રાઈડર્સ (માતુશ્રી મણીબાઈ ખેતશી મોમાયા, સાંયરા - હ. સૌ. શીલાબેન ઉત્તમ મોમાયા પરિવાર)
૯. V 13 વડોદરા ( ગોલ્ડન હોઝીયરી, મુલજી શામજી ખોના પરિવાર, નલિયા, હાલોલ-હ. શ્રી ભાવેશ નવિનચંદ્ર ખોના પરિવાર)
૧૦. રામાપીર સ્ટ્રાઈકર્સ (રામાપીર ડેવલોપર્સ - અંબા શીપીંગ એજન્સી,મુંબઈ - હ. શ્રી દીપક લોડાયા, સાંયરા તથા શ્રી હીરાલાલ ડાઘા, વરાડીયા)
૧૧. શીવમ્ લોજીસ્ટીક્સ્ (રજત લોજીસ્ટીક, ગાંધીધામ- હ. શ્રી નિલય પ્રવિણભાઈ દંડ, તેરા અને શ્રી સંદિપ કિશોરભાઈ સાંયા, સુજાપર)

એ ઉપરાંત શ્રી ધીરેન નવીનચંદ્ર ખેતશી મૈશેરી, કુવાપધર હ.સૌ. સોનલ ધીરેન મૈશેરી, વડોદરા; સૌ. તેજલબેન રાજેશ શાહ, સાયન (મોટી સિંધોડી); નવયુગ યુથ ફોરમ, અમદાવાદ, શ્રી નરેન્દ્રભાઈ મોમાયા (કચ્છી મહિલા ગૃહ ઉદ્યોગ, વડોદરા), શ્રી પ્રફૂલભાઈ લોડાયા (ભાઈભાઈ દાબેલી, કારેલીબાગ, વડોદરા), શ્રી કીરણભાઈ શાહ (સીલ્વર હોઝીયરી, વડોદરા), વીરલ માર્કેટીંગ, વડોદરા, માતુશ્રી તારાબેન હીરજી નાગડા પરિવાર, વડોદરા, નિરવ અને નેહા મણિકાંત લોડાયા (ટ્રાવેલ ડાયરીઝ, વડોદરા) તથા સૌ. પુર્વી નિશાંત લાલકા (પુર્વી પેટલ્સ્, વડોદરા) એ પણ શુભેચ્છક દાતાઓ તરીકે સહકાર આપેલ.

બે દિવસના આયોજનમાં પ્રથમ દિવસે ટીમોની વચ્ચે લીગ રાઉન્ડની મેચો રમાડવામાં આવી. ભારતભરમાંથી આવેલ દરેક ટીમોના ખેલાડીઓનો ઉત્સાહ અનેરો જ હતો. કુદરતી વાતાવરણની વચ્ચે શહેરની ભીડભાડથી દુર બધા ખેલાડીઓ તથા મેચ જોવા પધારેલ મહેમાનો ટુર્નામેન્ટની મોજ માણી રહ્યા હતા.

યુવા મંચ દ્વારા આવનારા **'વિમેન્સ ડે'**ના સંદર્ભે સ્પેશીયલ **'લેડીઝ ક્રિકેટ મેચ'**નું આયોજન કરવામાં

આવેલ, જેમાં યુવામંચના કાર્યકરો ઉપરાંત વડોદરા સમાજની ટીનએજર્સની સાથેસાથે સિનીયર સીટીઝન બહેનોએ પણ ક્રિકેટના મેદાનમાં ચોકા-છક્કા મારીને પોતાનું તેમ જ પ્રેક્ષકોનું મનોરંજક કર્યું હતું. જેમાં 'હેતલસ્ હરીકન્સ'ની ટીમ વિજેતા બની હતી જ્યારે 'નીશાસ્ નીન્જા' રનર-અપ રહી હતી.

બે દિવસની રસાકસીભરી મેચો રમ્યા બાદ આ ટુર્નામેન્ટમાં મુલુન્ડ યંગસ્ટર્સ ગ્રુપની ટીમ વિજેતા બનીને બહાર પડી હતી. જ્યારે રનર્સ-અપ તરીકે ગાંધીધામની શીવમ્ લોજીસ્ટીક્સ્ની ટીમ રહી હતી. આ ટુર્નામેન્ટમાં પ્લેયર ઑફ ધ ટુર્નામેન્ટ - મીત નાગડા (મુલુન્ડ), બેસ્ટ બેટસમેન - ધવલ મોતા (ગાંધીધામ), બેસ્ટ બોલર - મીત નાગડા (મુલુન્ડ), બેસ્ટ વીકેટીપર - જીગર નાગડા (મુલુન્ડ), બેસ્ટ ફિલ્ડર - વિપુલ ખોના (કાંજુરમાર્ગ) તરીકે વિજેતા નિવડ્યા હતા. વિજેતાઓને ટ્રોફી તથા મેડલ્સ્થી નવાજવામાં આવ્યા બાદ સહુ આવતા વર્ષે ફરી મળવાના વાયદા સાથે છુટા પડ્યા હતા.

બે દિવસના આ સુવ્યવસ્થિત આયોજનના બધાએ મન ભરીને વખાણ કર્યા હતા. યુવા મંચની ટીમના આ સફળ આયોજનમાં સર્વશ્રી મીતેન લોડાયા, પ્રીતેશ લોડાયા, મીતેષ લોડાયા, હીરેન ગોસર, ચંદ્રેશ નાગડા, વર્ધમાન નાગડા, પાર્થ લાલકા, વર્ષા ધુલ્લા, નેહા પનપારીયા, હીરેન મૈશેરી, ભાવિતા દંડ, કેયુર લોડાયા, ઝીલ ખોના વિ. એ સહકાર આપ્યો હતો. આ સમગ્ર ટુર્નામેન્ટની લાઈવ કોમેન્ટરી તથા લાઈવ અપડેટસ્ પણ ઉપલ્બધ હોવાને કારણે લોકોએ 'ઓનલાઈન' 'લાઈવ કવરેજ' પણ માણ્યું હતું તો મેદાન પર વિપુલ ખોના તથા હેમન્તભાઈ લોડાયાએ લાઈવ કોમેન્ટરી દ્વારા બધાનું મનોરંજન કર્યું હતું. એકંદરે આ ભવ્ય આયોજનથી ફરી એકવાર વડોદરાની યુવા શક્તિએ પોતાની કાબેલિયત સિધ્ધ કરી હતી.

યુવા મંચ વડોદરાની ટીમ તરફથી સૌ. વીણા સમીત ખોના, સૌ. હેતલ હીરેન મૈશેરી, નીમેશ કીશોર ધુલ્લા, ઋષભ રતીલાલ પનપારીયા તથા દીપેન વર્ધમાન લોડાયાએ સહકાર બદલ બધાનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો તથા શ્રી ક.દ.ઓ. જૈન સમાજ, વડોદરા તથા શ્રી ક.દ.ઓ. મહિલા મંડળ, વડોદરાની કારોબારી સમિતી દ્વારા મળેલ માર્ગદર્શન બદલ ઋણ સ્વીકાર કરેલ.


With Best Compliments from

BLUE MOON GROUP

REAL ESTATE CONSULTANTS | INVESTMENT CONSULTANTS | INTERIOR DESIGN | TAX ADVISORS | ACCOUNTING SERVICES

TILAK SHAH

PARSHWANATH
ENTERPRISE PVT. LTD.

99309 82061 / 91672 44022

tilakshah60@yahoo.co.in

Veeran Shah - 99304 75442



CONTACT FOR
Buying, Selling or on Leave & Licence of Flats, Shops, Bunglows, Plots etc. anywhere in Mumbai including Sion, Matunga, Wadala, Dadar, Mulund & Thane.

AVANI YASHWIN

HAPPY IN THE HEAD STUDIO
HAIR CUTS • COLOUR • STYLING • MAKE UP

98196 22325

happyintheheadstudio@gmail.com



ADDRESS
Shop No. 1, B Wing, Mangal Kunj Bldg., Junction of 32 and 36 Road, National College Lane, Off Linking Road, Bandra (W), Mumbai - 400 050

।। શ્રી અનંતનાથાય નમઃ ।।

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ
# શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો
# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - રાણપર

KDO
અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

## શ્રી રાણપર જિનાલય પ્રતિષ્ઠા અને ૧૨૭મો ધ્વજારોહણ મહોત્સવનો અહેવાલ

**ચરમ તીર્થાધિપતિ શ્રી મહાવીર સ્વામી**નું પાવાપુરી જલમંદિર સમુ જિનાલય એટલે **રાણપર તીર્થ**. કચ્છ જીલ્લામાં અબડાસા તાલુકામાં લાલા તીર્થથી નજીક નિર્જન પ્રદેશ જ્યાં માત્ર ને માત્ર દાદા બિરાજમાન છે. પ્રગટ પ્રભાવી દાદાની નયનરમ્ય જિનાલયે ભવ્ય પ્રતિષ્ઠા ગયા જ વર્ષે થઇ. દાદાના પ્રતિષ્ઠા મહોત્સવે જ ભગવતિ શ્રી પદ્માવતિ દેવી અને અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાજીની પ્રતિષ્ઠા, દાદાનો ૧૨૭મો ધ્વજારોહણ, બે દિવસની સાધર્મિક ભક્તિ અને નિર્જન પ્રદેશમાં અબોલ જીવો માટે પાણીના અવાડાના લાભ માટેના આદેશ આપવામાં આવેલ.

જે ભવ્ય દિવસના આતુરતાથી કાકડોળે રાહ જોવાય તે દિવસ આવ્યો જ! મહાજનશ્રીની વર્તમાન સમિતિ તેમજ ટ્રસ્ટ મંડળના ટ્રસ્ટીગણોના **કાર્યકાલ વર્ષ ૨૦૧૫-૨૦** માટે અંતિમ પ્રતિષ્ઠા મહોત્સવ હતો. અમારા વ્યવસ્થાપક સમિતિના સદ્ભાગ્યે **શ્રી અનંતનાથજી જિનાલય, ઘાટકોપર; શ્રી મહાવીર સ્વામી જિનાલય, રાણપર**નું **ભવ્ય પ્રતિષ્ઠા** યોજવાનો સુંદર લાભ અમને પ્રાપ્ત થયો.

**મેહુલિયો ટહૂક્યો રે, રાણપરના શિખરે રે...**
**ભાવિકો આવ્યા રે, રાણપર તીર્થે રે...**
**ધ્વજા લહેરાવી રે, લોડાયા પરિવારે રે...**

વિક્રમ સંવત ૨૦૭૬, મહા સુદ-૮, **શનિવાર, તા. ૦૧.૦૨.૨૦૨૦**ના શુભ દિને દેવકુલિકાએ બિરાજમાન થનાર **ભગવતિ શ્રી પદ્માવતિ દેવી** અને **શ્રી મહાકાલી માતાજી**ની પ્રતિષ્ઠા પૂર્વેની પ્રાથમિક ક્રિયા અનુસંધાને **દસ દિક્પાલ પૂજન નવગ્રહ પાટલા પૂજન, અષ્ટમંગલ પાટલા પૂજન** પ્રસંગ યોજવામાં આવ્યો.

વિક્રમ સંવત ૨૦૭૬, મહા સુદ-૧૦, **સોમવાર, તા. ૦૩.૦૨.૨૦૨૦**ના શુભ દિને સાહિત્ય દિવાકર, યુવાચાર્ય પ.પૂ.આ.ભ. **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**ના શિષ્ય પ.પૂ.મુનિરાજ **શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા.**ની નિશ્રામાં અને વિધિકાર **શ્રી કેવલભાઇ સાવલા**ના નેજા હેઠળ, આમંત્રિત મહેમાનો, જ્ઞાતિજનો અને લાભાર્થી પરિવારના સથવારે **ભવ્ય ધ્વજારોહણ** મહોત્સવ યોજાયો.

અચલગચ્છાધિષ્ઠાયિકા **શ્રી મહાકાળી માતાજી**ના પ્રતિષ્ઠાના લાભાર્થી પરિવાર : **સંઘમાતા નયનાબેન લેરીન ખોના (સુજાપર-પવઇ)** હસ્તે : ચિ. વૃષભ, અ.સૌ. નિકિતા જયમન ખોના અને ભગવતિ **શ્રી પદ્માવતિ દેવી**ની ભવ્ય પ્રતિષ્ઠાના લાભાર્થી પરિવાર : **માતુશ્રી ઝવેરબાઇ ધનજી કલ્યાણજી ધરમશી (સુથરી)** હસ્તે : અ.સૌ. કલ્પનાબેન તરૂણ ધરમશી અને **માતુશ્રી તારાબાઇ માણેકજી મોતા (રાપર ગઢવારી)** હસ્તે સુપુત્રીઓઃ અ.સૌ. ભાવનાબેન નરેશ ટોલિયા (ઘાટકોપર), અ.સૌ. કલ્પનાબેન તરૂણ ધરમશી (જુહુ), અ.સૌ. મીતાબેન વિનોદ લાલકા (ઘાટકોપર) હતા. તેમના વરદ હસ્તે સુંદર પ્રતિષ્ઠા થયેલ. ધ્વજારોહણ પૂર્વે ૧૮ અભિષેકના વિવિધ લાભ, લાભાર્થીઓને નકરા દ્વારા આપવામાં આવેલ. ચંદ્ર દર્શનના લાભાર્થી **માતુશ્રી માનબાઇ દેવજી મોમાયા (રાણપર)** અને સૂર્ય દર્શનના લાભાર્થી **અ.સૌ. ભદ્રાબેન લહેરચંદ દંડ (પરજાઉ)**, અષ્ટપ્રકારી પૂજાના લાભાર્થી : **માતુશ્રી હીરબાઇ કુંવરજી લાલકા (વારાપધર)** હસ્તે : અ.સૌ. મીતાબેન વિનોદ લાલકા, આરતી-મંગલદીવાના લાભાર્થી **માતુશ્રી માનબાઇ દેવજી મોમાયા (રાણપર)**, શાંતિકળશના લાભાર્થી **અ.સૌ. ભદ્રાબેન લહેરચંદ દંડ (પરજાઉ)** પરિવારે હર્ષોલ્લાસ સાથે લાભ લીધો. **સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિ**નો સંપૂર્ણ લાભ : **શ્રી શીવજી કુંવરજી વિકમશી (રાણપર) પરિવારે** લાભ લીધેલ. **અ.સૌ. ભદ્રાબેન લહેરચંદ દંડ**, જિનાલય શણગારની માનદ્સેવા આપેલ.

વિક્રમ સંવત ૨૦૭૬, મહા સુદ-૧૧, **મંગળવાર, તા. ૦૪.૦૨.૨૦૨૦**ના શુભ દિને **સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિ, સત્તર ભેદી પૂજા** તેમજ **ઐતિહાસિક ધ્વજારોહણ**નો સુંદર લાભ **સંઘમાતા ધનલક્ષ્મીબેન ચંદ્રકાન્ત હંસરાજ લોડાયા (વારાપધર)** પરિવારે લાભ લીધેલ. ઐતિહાસિક **૧૨૭માં ધ્વજારોહણે** અચલગચ્છના ઇતિહાસમાં સંપૂર્ણ ભારતભ્રમણ કરી અચલગચ્છ સમુદાયના સાધુ-સાધ્વી ભગવંતોના કુલ **૧૦૯ ચાતુર્માસ, ૩૦૭ શ્રમણ-શ્રમણીવૃંદો, કુલ ૧૨,૫૩૭ કિ.મી.**ની મુસાફરી કરી દરેક શ્રમણ-શ્રમણીવૃંદોના વરદ્ હસ્તે વાસક્ષેપ અભિમંત્રિત થયેલ. ઠીક વિજયમુહૂર્તે બપોરે ૧૨:૩૯ કલાકે ધ્વજારોહણ થયેલ. ધ્વજારોહણ બાદ અબોલ જીવો માટે પાણીના અવાડાના લાભાર્થી **સંઘમાતા ધનલક્ષ્મીબેન ચંદ્રકાન્ત હંસરાજ લોડાયા (વારાપધર)**ના વરદ્ હસ્તે શુભારંભ થયેલ.

આવતા વર્ષ એટલે **૧૨૮મી ધ્વજારોહણ** સંદર્ભે વિવિધ લાભોના ચડાવા લેવાયા અનુક્રમે **ધ્વજારોહણ અને સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિ**નો સુંદર લાભ : **માતુશ્રી માનબાઇ દેવજી મોમાયા (રાણપર) પરિવાર, વિધિ વિધાન, મંડપ સજાવટ, જિનાલય શણગાર**નો સંપૂર્ણ લાભ : કાર્યકાલ વર્ષ ૨૦૨૦-૨૫ માટે નવા ચૂંટાયેલા **શ્રી અનંતનાથજી જિનાલય અને તેના સાધારણ ફંડોના ટ્રસ્ટીશ્રીઓ અને શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇના પદાધિકારીઓ** સંયુક્ત રીતે લીધેલ. સંવત ૨૦૭૬-૭૭ માટે **જિનાલય વાર્ષિક અષ્ટપ્રકારી પુજા**ના લાભાર્થી પરિવાર **સંઘમાતા ધનલક્ષ્મીબેન ચંદ્રકાન્ત હંસરાજ લોડાયા (વારાપધર) પરિવારે લાભ લીધેલ.**

-:લિ. માનદ્મંત્રીઓ:-

શ્રી રમેશ હીરજી લોડાયા (સુથરી) | શ્રી ચેતનકુમાર ખીમજી મોમાયા (જખૌ)

**શ્રી અનંતનાથજી ટ્રસ્ટ તથા શ્રી મુંબઇ મહાજનની તાજેતરમાં યોજાઇ ગયેલી ચુંટણીના ચુંટણી કમિશનર્સનો અહેવાલ શબ્દશઃ પ્રકાશિત કરેલ છે. – તંત્રી મંડળ**

"JAY JAY SHRI ANANTNATH"

# REPORT OF ELECTION COMMITTEE

To,

**The Honorary Secretaries,**
Shri KDO Jain Gnyati Mahajan Mumbai

At the outset, we are thankful to Shri KDO Jain Gnyati Mahajan Mumbai for appointing us as "Member of Election Committee" for conducting election of 44 members of "Shri KDO Jain Gnyati Mahajan Mumbai Vyavsthapak Samittee", 11 trustees of " Shri Anantnathji Maharaj Jain Derasarji and It's sadharan Fund Trust" and 1 trustee of " KDO shikshan Prasarak Samittee" for the term of 5 years beginning from 1st April, 2020 to 31st March, 2025.

In compliance to clause no. 12 of schedule 5 (AA) of constitution, we have already submitted our formal report dated 25th December,2019 covering therein details of number of votes casted, rejected votes, votes secured by each candidate and name of candidate declared elected for above 3 elections.

In response to your request vide email dated 28th December,2019, we are submitting our detailed report covering following points:

1. Detail report of reason for rejection of nomination & nomination form
2. Report of the all election Center & Poll Day monitoring report
3. Suggestion for future election

**1. DETAIL REPORT OF REASON FOR REJECTION OF NOMINATION & NOMINATION FORM**

In all 89 nomination forms were received. Out of which 16 nominations forms were rejected. The reasons for rejection of nomination of form are listed here under:

- **Unpaid dues on account of "LAGA" or "LENA".**

  Clause no. 8 (4) of the constitution provides that in case member wants to file nomination form for any of the above 3 bodies, he/she should ensure that there is no arrears of LAGA or LENA remained unpaid in his name or in name of his family member as per records of MAHAJAN on date of filling nomination Form. Each nomination form was checked/verified by Hon. Secretary of Mahajan, who thereafter has affixed his remarks about arrears of LAGA or LENA if any along with his signature on the nomination form. We rejected those nomination forms with remark of Hon secretary that "LAGA or LENA in arrears". In all 3 Nomination forms for "Shri KDO Jain Gnyati Mahajan Mumbai Vyavsthapak Samittee" were rejected on this ground.

- **Name of body for which nomination form was filled was not selected/disclosed:**

  Clause 16 of the constitution read with schedule 5 (A) provides that member shall submit the nomination form duly filled in & signed to office of Mahajan before prescribed date. As per clause 8 & 11 of schedule 5 (A), the election committee shall reject the nomination form which is not in compliance with the norms laid down in constitution. In all 10 Nomination forms were rejected on the ground that candidate has not disclosed/ selected the body for which the nomination form was filled.

- **Name of candidate was mentioned incorrectly on Nomination Form**

  Clause 9 of schedule 5 (A) provides that name of person filling nomination form shall be registered as member on ROLL of Mahajan on 1 year prior to last date of filling nomination form. In all 1 Nomination forms was rejected on the ground that name of candidate mentioned on nomination form was not matching with name appearing on MEMBER ROLL of Mahajan.

- **Name of member who has seconded the nominee was mentioned incorrectly on Nomination Form**

  Clause 9 of schedule 5 (A) provides that name of person who has seconded the nominee shall be

registered as member on ROLL of Mahajan on 1 year prior to last date of filling nomination form. In all 1 Nomination forms was rejected on the ground that name of member who seconded the nominee on nomination form was not matching with name appearing on ROLL of Mahajan.

- **Nomination Form was incomplete**

  Clause 11 of schedule 5 (A) provides that nomination form not filled as per prescribed rules or submitted without payment of required deposit is liable to rejection. In all 1 Nomination forms was rejected on the ground that nomination form was incomplete.

**2. REPORT OF THE ALL ELECTION CENTER & POLL DAY MONITORING REPORT**

The details of each polling centre and respective officer is given here under

| SR. NO. | NAME OF CENTRE | CHIEF OFFICER | DEPUTY OFFICER | DEPUTY OFFICER |
|---|---|---|---|---|
| 1 | Masjid Bunder | Vikram Devji Patel | Amit Vinod Dhulla | Shantilal Shamji Lodaya |
| 2 | Matunga | Uttam Visanji Lodaya | Dinesh Lalji Lodaya | Tejas Mahendra Khona |
| 3 | Ghatkopar | Padam Thakarshi Poladia | Hitesh Manikant Dharamshi | Dinesh Ratanshi Meisheri |
| 4 | Bhandup | Dilip Hirji Dand | Sameer Chimanlal Shah | Amar Bharat Khona |
| 5 | Mulund | Diamond Ashok Dand | Raichand Devshi Munvar | Ratilal Shamji Momaya |
| 6 | Dombivali East | Hiren Khimji Meisheri | Bhoumik Pankaj Shah | Mehul Suryakant Lodaya |
| 7 | Goregaon | Chetan Manekchandra Khona | Hiren Chandrakant Poladia | Milesh Pravin Mota |
| 8 | Dombivali west | Bharat Devshi Dagha | Uday Kunvarji Mota | Samir Shamji Dand |

- Chief Election officer Chiman Meghji Mota has visited all the 8-polling center on date of election. The deputy Election officer Dollar Pratap Lodaya has visited 6 polling centers except Goregaon & Ghatkopar. The deputy Election officer Rajiv Luthia has visited 3 polling centres (i.e. Goregaon, Bhandup & Mulund) on date of election. Mr. Dollar Pratap Lodaya has visited all the 8 polling center before election day & had meeting with respective center head. He has discussed about arrangements to be done on polling day with each team at respective center. Report of our observations on poll day is as under:

  I. By and large we found polling was very peaceful and without major adverse incidence.

  II. At 2 centres we found the banners of candidate were displayed in restricted area, which we instructed to remove immediately before commencement of polling.

  III. Few voters were prevented from voting since they did not carry their respective original photo identity card as prescribed in election rules.

  IV. Mobile phone was prohibited in polling booth & there were few instances where the polling was not permitted to voter who violated the instruction & used mobile phone while casting vote at booth.

  V. The local organisations have whole heartedly supported the entire election process, especially at their respective polling centre by making proper arrangements for sitting area, food, snacks, water & other assistance to voters as well candidates.

  VI. The entire counting was carried out with automated technology with aid of computer & scanner. The counting agency appointed by us was also from Pune & does not belongs to our community. We specifically ensured this to keep entire counting without any partiality.

VII. There was substantially rejection of votes by scanner, hence we carried out manual counting/verification of rejected votes by 2 independent persons. The ultimate rejection was thereafter in range of 4 % of total votes, which is quite satisfactory. Perhaps there were many senior citizen voters who found the marking on ballot paper for casting vote bit difficult to understand, hence this rejection. On the election day, the respective polling centre team has taken enough pain by giving instructions to each voter for casting vote properly.

VIII. We got excellent support from following 3 young & dynamic members (Principal Election Aid) during entire election process especially on polling day.

a. Kailash Hirji Dagha

b. Hitesh Bhojraj Nagda

c. Hemant Praful Shiyal

**REPORT OF EACH POLLING CENTRE FROM THEIR RESPECTIVE CENTRE INCHARGE IS GIVEN HERE UNDER:**

- **MASJID BUNDER:**
  - ➢ I on behalf of MBS thank Mumbai Mahajan & Election commission for giving us opportunity of election duty, though things went off well but we have following few suggestions to make the process simpler & error proof most importantly transparent:
  - ➢ Voters list should be kept open for corrections till 2 months & final list approved by Mahajan
  - ➢ Vyavsthapak committee should be put on MM site one month prior to Notice of Election, all
  - ➢ candidates have to follow their details appearing in this list only.
  - ➢ No alterations allowed in this final list even by MM, this time they altered list of Non KDO daughter- in-law at last moment.
  - ➢ MM circular inviting candidates for all categories clearly mentioning “application form rejection criteria” and election commission has to follow the same.
  - ➢ Voting method should be clear & very well informed to all voters & candidate in advance by MM
  - ➢ circular in Prakash Samiksha or any other publication, no last-minute acceptance of other markings as done this time.
  - ➢ If Election commission feels Electronic counting is the way forward than agency for counting process should be finalized well in advance, various trial run conducted to make it full proof with due importance to rechecking, more scanning machines to be used to save time & also for back up if only there is only one scanner & it defaults.
- **MATUNGA**
  - ➢ Kindly note these points for future scope of improvement in conducting smooth and fair election:
  - ➢ Each person should be given sufficient time to rectify their forms so that they can participate and not get rejected due to a simple spelling mistake in their forms. The rules must be amended to ensure that everyone should get fair chance. Forms must be thoroughly checked during collection itself so as to avoid any kind of rejection at a later stage.
  - ➢ The place of election must be selected by with the help of Local Individuals who knows all the requirements so as to reduce conflicts / mismanagement.
  - ➢ Mobile Phones should be allowed to be carried in Silent / switch Off mode OR adequate arrangements should be made to safeguarded at the entry point.
  - ➢ Each KDO residing in Mumbai Mahajan Jurisdiction should be allowed to vote. In case of any technical issue (viz. Inter Caste Marriages) adequate announcements on timely manner should be made to avoid any inconvenience later.
  - ➢ Dates fixed for Election Processes like Form Acceptance / Withdrawal etc. should be strictly adhered to and should not be altered so as to avoid any uncalled dispute later.

- ➢ Vote Counting system must be organised and managed well. The protocol should be established beforehand which should be tried and tested thoroughly so as to avoid any delay in the calculation process.
- ➢ As was managed earlier, all KDOs should be allowed to Vote from any of their nearby location.
- ➢ Propaganda of any kind should be strictly prohibited on the Election Day as it leads to disruption and disturbances among the people.

- **GHATKOPAR**
  - ➢ We all would like to thank you for giving us an opportunity to serve our Gyati and we would like to continue in future.
  - ➢ We strongly recommend that next election which will take place in 2024, we should make maximum use of technology.
  - ➢ By taking this entire process of election *online*, we can surely make it very easy and convenient and cost saving. As it will be just one-time expenditure to create required infrastructure and software, which can yield benefits for long term.
  - ➢ Initially for few elections we may have to arrange centers to help people to guide how to do it online. But that will also ensure maximum participation of our Gyati members in voting. As the figures of participation of Gyati members during this time election clearly shows it's need of time to ensure that maximum people vote for electing our leaders, which can be conveniently addressed by making it tech savvy.
  - ➢ Once again Thanks and Regards.
- **BHANDUP**
  - ➢ Firstly, Thanks to Mumbai Mahajan & Election commission for having faith in us & giving me the responsibility of heading the Bhandup center which recorded highest percentage of votes of Mumbai. As such the voting process was smooth but few things i would like to make a note.
  - ➢ On our community portal, we should keep the list of members eligible for vote with their voting center, since some names were not in the list provided by Mumbai Mahajan from which some names were not eligible at all & the others were at different voting booth.
  - ➢ Female with inter caste marriage, whose names were not in this voting list (Earlier they have voted) should have been informed via whatsapp/ SMS/ Phone, etc. about the formalities to be completed for being eligible for voting.
  - ➢ Ballot paper should be slightly thicker one so that the ink should not spread on other paper while voting.
  - ➢ All center should have Dummy trial voting done before Actual voting day so as to avoid difficulties.
  - ➢ Overall, it was very beautiful experience & i hope we stood upto the expectation of the Election commissioners. If any irregularities/ mistake done from our side I apologise for the same & will seek your advice/ suggestions in positive way.
- **MULUND**
  - ➢ Kindly note these points for future scope of improvement in conducting smooth and fair election:
  - ➢ Each person should be given sufficient time to rectify their forms so that they can participate and not get rejected due to a simple spelling mistake in their forms. The rules must be amended to ensure that everyone should get fair chance. Forms must be thoroughly checked during collection itself so as to avoid any kind of rejection at a later stage.
  - ➢ The place of election must be selected by with the help of Local Individuals who knows all the requirements so as to reduce conflicts / mismanagement.

- ➢ Mobile Phones should be allowed to be carried in Silent / Witch Off mode OR adequate arrangements should be made to safeguarded at the entry point.
- ➢ Each KDO residing in Mumbai Mahajan Jurisdiction should be allowed to vote. In case of any technical issue (viz. Inter Caste Marriages) adequate announcements on timely manner should be made to avoid any inconvenience later.
- ➢ Dates fixed for Election Processes like Form Acceptance / Withdrawal etc. should be strictly adhered to and should not be altered so as to avoid any uncalled dispute later.
- ➢ Vote Counting system must be organised and managed well. The protocol should be established beforehand which should be tried and tested thoroughly so as to avoid any delay in the calculation process.
- ➢ As was managed earlier, all KDOs should be allowed to Vote from any of their nearby location. In today's world, this is manageable. Online Voting if possible, can be introduced after successful testing.
- ➢ Propaganda of any kind should be strictly prohibited on the Election Day as it leads to disruption and disturbances among the people.

• **DOMBIVALI EAST**

- ➢ Let me first thank all three Chief Election Commissioners to keep faith on all three of us and giving challenging duty by posting us in Dombivali, which was not our home location. However, with excellent support of entire team of Dombivali Mandal as well as all Election bearers challenge was converted to true festival celebration.
- ➢ Location wise Dombivali East Centre which was in school covering ground and first floor, it was tiresome duty for all three of us, since in entire day's duty, we were forced to do up and down atleast 100 times. In future, Centre selection is to be preferred on ground floor only.
- ➢ Identity Proofs, which were restricted to only originals, rethinking is required, since many voters were holding only Colour Xerox, which weren't recognized easily. Instead if Mumbai Mahajan itself issues identity to all staying in mumbai, it will solve this problem.
- ➢ In future we may introduce voting electronically with Mumbai Mahajan's Application through mobile. (Few Clubs in Mumbai have already successfully used such method.)
- ➢ Counting of votes can be done at all Centres with the help of local volunteers and to be compiled by Chief Election Commissioners at any one place

• **GOREGAON**

- ➢ I would like to thank the 3-election commissioner for giving us this opportunity of Volunteering this election. Thank you for believing in us. This was such a proud feeling working towards and for our community and making it big! Voters, candidates and team volunteers cooperated well to make this happen successfully. Please make a note, add one more booth in western line so that a large number of people can come and vote. Online voting would be helpful too.

• **DOMBIVALI WEST**

- ➢ Let me first thank 3 election commissioners under whose guidelines election procedure went easy and smooth.
- ➢ I would like to thank Mr Uday mota and Samir Dand and all volunteers.
- ➢ Candidates along with voters were very co-operative hence even though the center was small and compact job was done so well.
- ➢ All genuine voters should be allowed to vote, even though there is some minor technical error.
- ➢ Our team was praised by voters and candidates. Once again thanks to all.

**3. SUGGESTION FOR FUTURE ELECTION**

Our observations, recommendations & suggestions are given here under, which we hope will

improve the entire electoral process if implemented with suitable modification:

- There must be 3 separate nomination form, preferably printed in different colours paper for each of the body for which election is conducted. This will minimise the rejection on account of non-selection of body for which nomination form is filled.
- The nomination form should contain relevant instructions on back side of form narrating relevant clauses of constitution, which will help in filling nomination form correctly & completely.
- Name of nominee, name of person proposing & name of member seconding nominee should be strictly as per MAHAJAN ROLL. The serial number of KDO VASTIPATRAK should be removed from nomination form, since that list contains name of entire community, whereas the election is only for Mumbai territory.
- The nomination form should be submitted strictly in sealed cover without disclosing identity of nominee. The same should be deposited in packed box kept at Mahajan office during working hours. Each cover should be given only serial number for identity by Mahajan before receiving same.
- The deposit amount from candidate needs to be increased & the same should be made non-refundable to each candidate considering inflation & cost of entire election to Mahajan. The receipt for deposit should be issued without disclosing name but by mentioning cover serial number given by Mahajan.
- The entire nomination form should be filled using any one of language i.e. Gujarathi or English. Both the language should not be permitted to be used simultaneously for filling form.
- The charges for recounting of votes should be announced before filling nomination form.
- It is better that Mahajan office gives list of arrears of LAGA or LENA in writing to each person who seeks the information in writing to avoid confusion about arrears. The candidate seeking to file nomination form should take in writing details of LAGA/LENA arrears in his name from Mahajan office.
- Mahajan Should has it's own ROLL of members and that serial number should me mentioned on nomination form.
- Vide publicity should be given for getting incorporated the names of female from other community married to KDO community member, for submitting relevant declaration as per constitution of Mahajan, so that they are also recognised as members & eligible to caste vote.
- The entire election process should be handed over to Election committee immediately after passing resolution declaring election. This will help the election committee to declare various rules & regulations for election based on need of hour & announce the same in community magazine.

We place on records our sincere thanks to SHRI KDO JAIN GNYATI MAHAJAN MUMBAI for giving us opportunity to serve and extending co-operation throughout entire election process. we also thank candidates, voters, polling officers, volunteers, entire team of Mahajan, office bearers, Mahajan staff members, VLVG staff members and every KDO community member for whole hearted support during entire election process.

Thanking You,

Yours Sincerely,

1) **CHIMAN MEGHJI MOTA -** Chief Election officer
2) **DOLLAR PRATAP LODAYA (SHAH) -** Deputy Election Officer
3) **CA RAJIV LUTHIA -** Deputy Election Officer

Place : Mumbai

Dated : 10th February, 2020

# પિતૃઋણ - ભાવાંજલિ - શ્રદ્ધાંજલિ



જન્મ :
તા. ૩૦-૦૬-૧૯૪૭

અરિહંત શરણ :
તા. ૦૩-૦૩-૨૦૨૦ મંગળવાર

## પૂજ્ય પિતાશ્રી જયંતીલાલ લાલજી નાગડા

(ગામ : રંગપુર - હાલાર, હાલ : કલ્યાણ)

"ખંત ખમીરને ખુમારીથી કષ્ટ સહ્યા અપાર....
પરિવાર પ્રેમી અને પરગજુ, ન થઇ શકે સદ્‌ગુણોનાં મોલ....
ઓથ હતી અમને તમારી, તેમજ હતા અમ કલ્પવૃક્ષ સમા....
કોટિ કોટિ વંદન સાથે અર્પીએ આપને ભાવાંજલિના ફૂલ."

આભાર કોનો...?
ઈશ્વરનો કે પિતાશ્રીનો...?
એકે જીવન આપ્યું... ને એકે જીવતા શીખવાડ્યું.
એકે ચરણ આપ્યા, ને એકે ચાલતા શીખવાડ્યું.
એકે વાચા આપી, ને એકે સુંદર વાણી આપી.
એકે જન્મ જાત સંસ્કાર આપ્યા. ને એકે સુસંસ્કારનું સિંચન કર્યું.
આભાર નિત્ય બંનેનો માનું... કારણ... કે એક છે 'શ્વાસ' તો એક છે.
'શ્વાસ' ના પ્રણેતા. એક થકી 'અસ્તિત્વ' છે. તો -
એક થકી 'અસ્તિત્વ'ની 'ઓળખાણ' છે.

અમારા પપ્પા જેમણે તણખલા વીણી-વીણી એક મજાનો માળો બાંધ્યો, સંબંધોની સોડમ રાંધી... શમણાઓના ટુકડા સાંધ્યા હોવાથી અમારો પૂર્ણ પરિવાર શબ્દોના સાનિધ્યથી આદરાંજલિ અપર્ણ કરે છે.

**માતુશ્રી પ્રેમિલાબેન લાલજી દામજી નાગડા પરિવાર અને**
**માતુશ્રી ઝવેરબેન વેરશી પદમશી દંડ પરિવાર**

-: નત મસ્તકે વંદન :-

પત્ની : પૂ. વંદના જયંતીલાલ નાગડા
પુત્ર-પુત્રવધુ : ખુશ્બુ કિરણ નાગડા
પુત્રી-જમાઇ : જાગૃતિ પ્રસાદ છત્રપતિ
પૌત્રી : પલક અને અશ્મી
દોહિત્ર : પાર્થ

ભાઇ-ભાભી : જયા કિશોર નાગડા, ચંદ્રિકા વિનોદ નાગડા
નયના અશોક નાગડા, સરલા લક્ષ્મીચંદ નાગડા
ભારતી કિર્તી નાગડા
બેન-બનેવી : મધુ વિનોદ ધુલ્લા, વિમલા મહેશ લોડાયા
વેવાઇ-વેવાણ : હંસાબેન નરેન્દ્ર મેઘજી નાગડા

નાના ભૂલકાંઓ : સ્મિતા, કેતન, દિપા, અનિતા, ડૉ. પ્રતિક, રચિતા, નિકિતા, અમિત, જીજ્ઞેશ

**M/s. Ravi International Tours & Travels Pvt. Ltd.**

# પરબ શક્તિ સંજીવની સોસાયટી દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી - 'અનન્યા'




'અનન્યાઓ' સાથે ટીમ પરબ



દીપ પ્રાગટ્ય કરતાં મુખ્ય દાતા પરિવારના શ્રીમતી પ્રભા સોની, શ્રીમતી હીના મોતા, શ્રીમતી દમયંતી શાહ સાથે પરબના શ્રીમતી પુષ્પા ખોના, શ્રીમતી ચંદન મોમાયા અને શ્રીમતી મીરા મોમાયા




મુખ્ય દાતા શ્રીમતી પ્રભાબેન અને શ્રી પદમ લઘુભાઈ સોનીનું સન્માન કરતાં શ્રી મણીકાંતભાઈ ધુલ્લા, શ્રીમતી પુષ્પા ખોના અને શ્રીમતી લીના કાયાણી



બીજા મુખ્ય દાતા, શ્રી અનંતનાથજી ટ્રસ્ટના બે ટ્રસ્ટીઓ શ્રી કલ્પેશભાઈ મોતા (મુંબઈ મહાજનનાં વર્તમાન પ્રમુખ) અને શ્રી તરૂણ ધરમશી તથા હીનાબેન કલ્પેશ મોતાનું સન્માન કરતાં શ્રીમતી જયશ્રીબેન અને ડૉ. કાંતીલાલ દંડ તથા શ્રીમતી મીરા મોમાયા




ત્રીજા મુખ્ય દાતા શ્રીમતી દમયંતીબેન અને શ્રી ચાંપશીભાઈ શાહ (લોખંડવાલા)નું સન્માન કરતા શ્રી વસંતભાઈ વિકમશી, શ્રીમતી કાશ્મીરા લૂઠીયા અને શ્રીમતી ચંદન મોમાયા



Literary researcher
ડૉ. યામીની અનીશ શાહનું બહુમાન



પ્રથમ KDO લેડી સોલીસીટર
ઝરણા ખોના અહમદની સરાહના

# પરબ શક્તિ સંજીવની સોસાયટી દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી - 'અનન્યા'



TV Media Journalist
ઉર્વશી લીલા સનત ખોના (ગાડ)ની થતી સરાહના



પારસી કુટુંબમાં પરણેલા ડૉ. પારૂલ શામજી શાહ
(રૂસ્તમજી)નું થતું બહુમાન



Corporate Trainer અને લેખિકા
ડૉ. પરવીન પ્રસાદની થતી સરાહના



TV ન્યુઝ રીડર અને પરફોરમીંગ આર્ટિસ્ટ, શ્રી કુંવરજી
પાશ્વીર નાગડા (શાહ)ના પુત્રવધૂ ફાલ્ગુની હીરન નું બહુમાન



મ્યુનિસિપલ કાઉન્સીલર
શ્રીમતી નેહલ અમર શાહ (ખોના)નું થતું સન્માન .



જાસ્મીન શાહ અને વિરાજ ધુલ્લા દ્વારા
ગોલ્ડ દાતાઓનું સન્માન



સીલ્વર દાતાઓ સાથે શિલ્પા અજાણી તથા હર્ષા ધરમશી



વૈશાલી શાહ અને દીપ્તિ લોડાયા સાથે અન્ય દાતાઓ



પરબ પરિચય આપતાં
શિલ્પા અજાણી



આભાર પ્રદર્શિત કરતાં
શ્રીમતી હર્ષા ધરમશી



પ્રેક્ષકગણ

# વડોદરા કેડીઓ નગરમાં

**ત્રણ સાઈડ ઓપન સ્પેસ. કોર્નર વાળા**
**બે જોડિયા રો હાઉસ ટેનામેન્ટ**
**ખુબજ વ્યાજબી કિંમતમાં વેચવાના છે.**



| સંયુકત પ્લોટ એરિયા | બિલ્ડપ એરિયા |
|---|---|
| 864 ચો.ફુટ | 600 ચો.ફુટ |

**સંપર્ક કરો :**
શ્રી મુકેશ લોડાયા : 9426403337
શ્રી દિનેશ ધરમશી : 9427844546

નોંધ : ફકત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિજન આ મકાન લઈ શકશે.


## પરબ શક્તિ સંજીવની સોસાયટી દ્વારા મહિલા દિવસ નિમિત્તે સન્માનિત અનન્યાઓ




## પરબ શક્તિ સંજીવની સોસાયટીની ટ્રસ્ટી બહેનો



## પ્રથમ પુણ્યતિથી - ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ

જન્મ :
તા. ૧૫-૧૨-૧૯૫૪



અરિહંત શરણ :
તા. ૩૦-૦૩-૨૦૧૯

### સ્વ. મહેન્દ્ર શામજીભાઈ નાગડા

(નલીયા - વડોદરા)

"અખુટ પ્રેરણાસ્ત્રોત હતું વ્યક્તિત્વ આપનું,
સંસ્કારો, સત્કર્મો અને વ્યવહાર કુશળતા હતી પ્રવૃતિ આપની,
અનુભવાય છે આજે અનઉપસ્થિતિ આપની."

આપના દિવ્ય આત્માને વંદન.

-: શોકાતુર :-

ધર્મપત્ની : **ઉષાબેન મહેન્દ્ર નાગડા**
દિકરી-જમાઈ : **અ.સૌ. ઉર્વી પાવન નાગડા**
પુત્ર-પુત્રવધુ : **અ.સૌ. જિનભક્તિ પ્રશાંત નાગડા**
દોહિત્ર : **હિતાંશ પાવન નાગડા**

**સમસ્ત નાગડા પરિવાર**

## પરબ શક્તિ સંજીવની સોસાયટીના નેજા હેઠળ, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની અવનવી ઉજવણી 'અનન્યા' શુક્રવાર, ૬ માર્ચની સાંજે કરવામાં આવી.

આંતરજ્ઞાતીય લગ્ન ગાંઠે બંધાઈને; પારકા-પોતિકાનો ભેદ ભુલાવીને, પોતાની ઝળહળતી સિદ્ધિઓથી પિયર-શ્વસુર બન્ને કુળને દીપાવનારી કુળ ઉજ્જવલા - કુલ ૧૦ પુત્રીઓ અને પુત્રવધૂઓનું પરબ દ્વારા ભવ્ય બહુમાન કરવામાં આવ્યું .

આ કાર્યક્રમ, મુંબઈના પરા મુલુંડ સ્થિત કાલિદાસ સભાગૃહમાં યોજાયો હતો. પરબની ટ્રસ્ટી બહેનો દ્વારા આમંત્રિત મહેમાનોને ઊમળકાભેર આવકાર અપાયા બાદ ચહા-કોફી પછી સંચાલક હેમા શાહના સ્વાગત સંબોધનથી પ્રોગ્રામ શરૂ થયો. પરબના ટ્રસ્ટી શ્રીમતી મીનાબેન શાંતિલાલ શાહ ના અવસાન પામેલા પુત્ર અને શ્રીમતી અમિ શાહ ના પતિ સ્વ. નીરજના આત્માની શાંતિ માટે બે મિનિટનું મૌન પળાયું.

રાગા પિયાનીસ્ટ દીપક શાહ અને સાથી કલાકારો દ્વારા નવકારમંત્રની સંગીતમય ધૂનના મધુર વાદન સાથે મુખ્ય દાતા પરિવારની ત્રણ ગૃહલક્ષ્મીઓ અને પરબની ત્રણ બહેનો દ્વારા દીપ પ્રાગટ્યની વિધિ સંપન્ન થઇ. ત્યારબાદ પરબના શિલ્પા અજાણીએ કાવ્યાત્મક શૈલીમાં પરબનો સંક્ષિપ્ત પરિચય આપી પરબના ૨૮ વર્ષના પ્રવાસની ઝલક Audio-video પ્રસ્તુતી દ્વારા કરાવી .

કાર્યક્રમનો દોર આગળ વધારતાં, મુખ્ય દાતા શ્રીમતી પ્રભાબેન અને શ્રી પદમ લધુભાઈ સોનીને મંચ પર શ્રી મણીકાંતભાઈ ધુલ્લા, શ્રીમતી પુષ્પા ખોના અને શ્રીમતી લીના કાયાણીએ માનભેર લઈ જઈને તેમનું બહુમાન કર્યું.

